પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૩૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૨-૦૬-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 238 PRICE :-RS. 1.50 DATE : 02-06-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સેન્ટર ફોર ઈન્ડિયન ઈકોનોમીના ચીફ એક્ઝિક્યૂટિવએ આંકડા જાહેર કર્યા

# કોરોનાએ વિનાશ સર્જ્યોઃ ૧ કરોડ લોકો બેરોજગાર થયા

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસ મહામારીએ અર્થવ્યવસ્થાની કમર તોડી દીધી છે. લેટેસ્ટ આંકડા જણાવે છે કે કોરોનાની બીજી લહેરને કારણે ભારતમાં એક કરોડથી વધુ લોકો બેરોજગાર થયા છે. બીજી તરફ કોરોના મહામારીની શરૂઆતથી લઈને અત્યાર સુધી આશરે ૯૭ ટકા પરિવારોની ઈનકમ ઘટી ગઈ છે.

સેન્ટર ફોર ઈન્ડિયન ઈકોનોમીના ચીફ એક્ઝિક્યૂટિવ મહેશ વ્યાસે આ આંકડા જાહેર કર્યા છે. મહેશ વ્યાસે જણાવ્યુ કે મે મહિનામાં બેરોજગારીનો દર ૧૨ ટકા સુધી પહોચી શકે છે, જે એપ્રિલમાં ૮ ટકા પર હતું.




આ દરમિયાન આશરે એક કરોડ લોકોની નોકરી ગઈ છે, જેનું મુખ્ય કારણ કોરોનાની બીજી લહેર જ છે. મહેશ વ્યાસ અનુસાર, હવે જ્યારે આર્થિક ગતિવિધિઓ ખુલી રહી છે તો કેટલીક તકલીફ ઓથી થશે, પુરી નહી થાય.

**CMIEના આંકડા**

- કોરોનાની બીજી લહેરમાં બેરોજગારીઃ ૧૦ મિલિયનથી વધુ.
- શહેરી બેરોજગારી દર (મે) : ૧૪.૭૩%.
- ગ્રામીણ બેરોજગારી દર (મે) : ૧૦.૬૩%.
- દેશવ્યાપી બેરોજગારી દર (મે) : ૧૧.૯૦%.

મહેશ વ્યાસે જણાવ્યુ કે જે લોકોની નોકરી ગઈ છે, તેમણે પરી રોજગાર ઘણો મુશ્કેલીથી મળી રહ્યો છે. કારણ કે ઈન્ફોર્મલ સેક્ટર તો કેટલીક હદ સુધી રિકવર કરી રહ્યુ છે પરંતુ જે ફોર્મલ સેક્ટર છે અથવા સારી ક્વોલિટીની નોકરી છે, તે વિસ્તારમાં વાપસીમાં હજુ સમય છે.

મહત્વપૂર્ણ છે કે મે ૨૦૨૦માં બેરોજગારીનો દર ૨૩.૫ ટકા સુધી પહોચી ગયો હતો ત્યારે નેશનલ લૉકડાઉન લાગેલુ હતું પરંતુ આ વર્ષે જ્યારે કોરોનાની બીજી લહેર આવી તો ધીમે ધીમે રાજ્યોએ પોતાના સ્તર પર પ્રતિબંધ લગાવ્યા અને જે કામ શરૂ થઈ ગયા હતા તે ફરી બંધ થઈ ગયા.

મહેશ વ્યાસ અનુસાર, જો બેરોજગારી દર ૩-૪ ટકા સુધી રહે છે તો તે ભારતીય અર્થવ્યવસ્થા માટે નોર્મલ માનવામાં આવશે. CMIE તરફથી આશરે ૧૭.૫ લાખ પરિવારોમાં સર્વે કરવામાં આવ્યો હતો જેમાં પરિવારની ઈનકમને લઈને જાણકારી લેવામાં આવી હતી. કોરોના કાળમાં કેટલાક પરિવારોની ઈનકમ પહેલાના મુકાબલે ઘણી ઓછી થઈ ગઈ છે.

વ્યાસે કહ્યું હતું કે ૩-૪% બેરોજગારી દર આપણી ઈકોનોમી માટે સામાન્ય છે. આગામી સમયમાં બેરોજગારી દરમાં ઘટાડો થશે. CMIEએ એપ્રિલમાં ૧.૭૫ લાખ પરિવારો પર એક દેશવ્યાપી સર્વે કર્યો હતો. એ સર્વેમાં છેલ્લા એક વર્ષથી કમાણીમાં મુશ્કેલી ઊભી થતી હોવાનો ટ્રેન્ડ સામે આવ્યો હતો. સર્વેમાં માત્ર ૩% પરિવારોની આવક વધી હોવાની વાત સામે આવી હતી, જ્યારે ૫૫% લોકોએ કહ્યું છે કે તેમની આવકમાં ઘટાડો થયો છે, જ્યારે ૪૨% લોકોએ કહ્યું છે કે તેમની આવકમાં કોઈ ફેરફાર આવ્યો નથી. તેથી જો મોંઘવારીની દ્રષ્ટિએ જોવામાં આવે તો ૯૭% પરિવારોની કમાણી ઘટી છે.

★ મે મહિનામાં બેરોજગારી દર ૧૨ ટકાએ પહોંચી શકે છે જે એપ્રિલમાં ૮ ટકા હતો.

★ કોરોના મહામારીની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં આશરે ૯૭ ટકા પરિવારોની આવક ઘટી ગઈ.

### ધો-૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાનું ટાઈમ ટેબલ જાહેર

# ૧ જુલાઈથી ફિઝિક્સ અને એકાઉન્ટના પેપરથી પરીક્ષા શરૂ થશે

ગાંધીનગર,

તાજેતરમાં ધો. ૧૨ સાયન્સના ૧.૪૦ લાખ અને ૫.૪૩ લાખ સામાન્ય પ્રવાહના મળીને કુલ ૬.૮૩ લાખ વિદ્યાર્થીની લેખિત પરીક્ષા આગામી તા.૧ જુલાઈથી કોરોનાની ગાઈડ લાઈનના પાલન સાથે લેવાનો નિર્ણય લીધો છે. આજે પરીક્ષાનું ટાઈમ ટેબલ પણ જાહેર કરવામાં આવ્યું છે. તમામ પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે. સાયન્સમાં ૧ જુલાઈએ પહેલું પેપર ફિઝિક્સનું જયારે સામાન્ય પ્રવાહમાં પહેલું પેપર એકાઉન્ટનું રહેશે. આ પરીક્ષા ૧ જુલાઈથી ૧૬ જુલાઈ સુધી ચાલશે.

- ૧ જુલાઈએ ફિઝિક્સનું પેપર.
- ૩ જુલાઈએ કેમિસ્ટ્રીનું પેપર.
- ૫ જુલાઈએ બાયોલોજીનું પેપર.
- ૬ જુલાઈએ ગણિતનું પેપર.
- ૮ જુલાઈએ અંગ્રેજીનું પેપર.
- ૧૦ જુલાઈએ ભાષાના પેપર.

## SOP આ મુજબ રહેશે

★ અત્યાર સુધી એક વર્ગમાં ૩૦ વિદ્યાર્થી પરીક્ષા આપતા હતા. આ પરીક્ષામાં એક વર્ગમાં ૨૦ વિદ્યાર્થીઓ બેસાડાશે.

★ જે તાલુકામાં પરીક્ષા લેવા માટે વિદ્યાર્થીઓની સંખ્યા પૂરતી થઈ જાય તે તાલુકા મથકને પરીક્ષા કેન્દ્રની મંજૂરી અપાશે. વિદ્યાર્થીને નજીકનું કેન્દ્ર અપાશે.

★ દરેક વર્ગને સીસીટીવી કેમેરાથી સજ્જ કરાશે.

★ પરીક્ષા કેન્દ્ર પર સેનિટાઈઝેશન,સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક, થર્મલ ગન સહિતની કોરોનાની એસ.ઓ.પી.નું પાલન ફરજિયાત કરાશે.

## બોર્ડની પરીક્ષા : પેપર સ્ટાઈલ, માર્ક્સ આ મુજબ રહેશે

★ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની પરીક્ષાનો સમય અગાઉની એક્ઝામની જેમ ૩ કલાકનો જ રહેશે.

★ વિજ્ઞાન પ્રવાહના ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાં ૫૦ ગુણના પ્રશ્નો વૈકલ્પિક-એમસીકયુ ઓએમઆર પદ્ધતિના રહેશે અને ૫૦ માર્કના પ્રશ્નો વર્ણનાત્મક રહેશે.

★ પ્રશ્ન પૂછવાની પદ્ધતિ જે અગાઉ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જાહેર કરાયેલી છે તે જ પદ્ધતિ રહેશે એટલે વિદ્યાર્થીએ જે પ્રમાણે અત્યાર સુધી તૈયારી કરી તે પ્રમાણે જ પરીક્ષા લેવાશે.

★ સામાન્ય પ્રવાહમાં કુલ ૧૦૦ માર્કના પ્રશ્નપત્રમાં તમામ પ્રશ્નો વર્ણનાત્મક રીતે લેવાશે.

★ સામાન્ય પ્રવાહમાં પણ પ્રશ્નો પૂછવાની પદ્ધતિ એટલે કે પ્રશ્નપત્ર સ્ટાઈલ પણ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જે સત્તાવાર જાહેર કરાય તે પ્રમાણેની રહેશે.

★ જે વિદ્યાર્થી કોરોના કે અન્ય કારણોસર પરીક્ષા નહીં આપી શકે એમના માટે ૨૫ દિવસ પછી ફરી પરીક્ષા યોજાશે.

# કોરોના અપડેટઃ ૧.૨૭ લાખ નવા કેસ, ૨૪ કલાકમાં ૨,૭૯૫ લોકોનાં મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસના કેસમાં પાછલા ૧૦ દિવસથી મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે. કોરોનાના દૈનિક કેસ ૪ લાખને પાર કર્યા બાદ તેમાં મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે, નવા કેસનો આંકડો ૩ લાખની અંદર રહ્યા બાદ પાછલા અઠવાડિયાથી તેમાં મોટો ઘટાડો થતા આંકડો ૨ લાખની અંદર આવી ગયો છે. હવે આ આંકડો સવા લાખની નજીક પહોંચી ગયો છે. બીજી તરફ સાજા થતા દર્દીઓની સંખ્યા પણ ઝડપથી વધતા હોસ્પિટલો ખાલી થઈ રહી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં ભારતમાં પાછલા ૨૪ કલાકમાં નવા ૧,૨૭,૫૧૦ પોઝિટિવ કેસ નોંધાયા છે, મેના પહેલા અઠવાડિયામાં કોરોનાના કેસ ૪ લાખને પાર જઈ રહ્યા હતા તે મેના અંત સુધીમાં ૨ લાખની અંદર આવી ગયા હતા જ્યારે હવે આ ઝડપથી આ આંકડો ૧ લાખની અંદર પહોંચી જશે તેવી સંભાવના છે. ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના કારણે વધુ ૨,૭૯૫ લોકોના મોત થયા છે, આ પહેલા આટલા ઓછા કેસ ૨૭ એપ્રિલ ૨૦૨૦ના રોજ (૨,૭૭૧) નોંધાયા હતા. ૨૬મી મેના રોજ દેશમાં કોરોના લીધે એક દિવસમાં થતા મૃત્યુનો આંક ૪ હજારને પાર ગયા બાદ તેમાં ધીમી ગતિએ ઘટાડો નોંધાઈ રહ્યો છે. દેશમાં વધુ ૧.૨૭ લાખ કેસ સાથે કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૮૧,૭૫,૦૪૪ થઈ ગઈ છે. કુલ મૃત્યુ પામેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૧,૮૯૫ પર પહોંચી ગઈ છે. સોમવારે વધુ ૨,૫૫,૨૮૭ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૫૯,૪૭,૬૨૯ થઈ ગઈ છે. ભારતમાં કોરોનાના નવા કેસમાં સતત ઘટાડો થવાથી એક્ટિવ કેસનો આંકડો ૨૦ લાખની અંદર પહોંચી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરાયેલા સોમવારના આંકડામાં એક્ટિવ કેસની સંખ્યા ૧૮,૯૫,૫૨૦ પર પહોંચી ગઈ છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૬૮૧ કેસો નોંધાયા છે અને સામે ૪૭૨૧ દર્દીઓ સાજા થયા અને ૧૮ દર્દીઓના મોત થયા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૭૬૬૯૯૧ દર્દીઓ ડિસ્ચાર્જ થયા. કુલ એક્ટિવ કેસો ૩૨૩૪૫ છે જેમાં ૪૯૬ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૧૮૪૯ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યનો કુલ મૃત્યુઆંક ૯૮૩૩ થઈ ગયો છે. ભારતમાં ૧૬ જાન્યુઆરીએ શરુ થયેલા રસીકરણ અભિયાન બાદ સોમવાર સુધીમાં કુલ ૨૧,૬૦,૪૬,૬૩૮ ડોઝ આપવામાં આવ્યા છે. આઈસીએમઆર મુજબ ૧ મે સુધીમાં દેશમાં કોરોનાની તપાસ માટે કુલ ૩૪,૬૭,૯૨,૨૫૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૯,૨૫,૩૭૪ સેમ્પલ કોરોના ટેસ્ટ માટે લેવામાં આવ્યા છે.

## સરકારે એમ્ફોટેરેસિન-બી ઈન્જેક્શનની નિકાસ પર પ્રતિબંધ મુક્યો

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે મંગળવારે મ્યુકરમાઈકોસિસની સારવારમાં સંજીવનીરૂપ ગણાતા એમ્ફોટેરેસિન-બી ઈન્જેક્શનની નિકાસ પર પ્રતિબંધ મુક્યો છે. ઉલ્લેખનીય છે કે દેશમાં કોરોનાથી સ્વસ્થ થનાર દર્દીઓમાં મ્યુકોરમાઈકોસિસ અર્થાત બ્લેક ફંગસના લક્ષણો વધુ સામે આવી રહ્યા છે. આવા દર્દીઓની સારવાર માટે એમ્ફોટેરેસિન-બી ઈન્જેક્શન જીવનરક્ષક સાબીત થયા છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)એ એક જાહેરનામામાં જણાવ્યા મુજબ એમ્ફોટેરેસિન ઈન્જેક્શનની નિકાસને પ્રતિબંધિત શ્રેણીમાં મુકવામાં આવી છે. જેથી હવે તમામ નિકાસ લાયસન્સ ધારકોને આ ઈન્જેક્શનની નિકાસ પૂર્વે ડીજીએફટીની મંજૂરી મેળવવી પડશે. કોરોના પછી સ્વસ્થ થતા દર્દીઓમાં બ્લેક ફંગસની બીમારીના કેસો છેલ્લા એક મહિનાથી વધી રહ્યા છે. જેને પગલે એમ્ફોટેરેસિન-બી ઈન્જેક્શન પર સરકારે તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે.

# ચીનમાં માણસમાં H10N3 બર્ડ ફ્લુનો સ્ટ્રેન મળતાં સમગ્ર વિશ્વમાં ફફડાટ

બીજિંગ,

કોરોના સંકટ હજુ ટળ્યું નથી કે ચીનથી વધુ એક ખરાબ સમાચાર આવી રહ્યા છે. ચીનમાં પહેલીવાર માણસોમાં બર્ડ ફ્લૂ જોવા મળ્યો છે. નેશનલ હેલ્થ કમિશને ૪૧ વર્ષિય વ્યક્તિમાં બર્ડ ફ્લૂનો એચ૧૦એન૩ સ્ટ્રેન મળ્યાની પુષ્ટિ કરી છે. આ વ્યક્તિ ચીનના જિયાંગસૂ પ્રાંતનો રહેવાસી છે. એનએચસીએ જણાવ્યું કે, તાવ અને અન્ય લક્ષણો બાદ આ વ્યક્તિને ૨૮ એપ્રિલના હૉસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો હતો. આના એક મહિના બાદ એટલે કે ૨૮ મેના તેમાં એચ૧૦એન૩ સ્ટ્રેન જોવા મળ્યો.



નેશનલ હેલ્થ કમિશને પીડિત વ્યક્તિ વિશે વધારે જાણકારી આપવાથી ના કહી છે, પરંતુ એટલું જરૂર જણાવ્યું છે કે આ સંક્રમણ મુરઘીઓથી માણસમાં પહોંચ્યો. જો કે એનએચસીનું કહેવું છે કે એચ૧૦એન૩ સ્ટ્રેન વધારે શક્તિશાળી નથી અને આ મોટા સ્તરે ફેલાય તેવી શક્યતાઓ ઓછી છે. પીડિત વ્યક્તિની સ્થિતિ હવે સ્થિર છે અને જલદી તેને હૉસ્પિટલથી રજા મળી જશે. એનએચસી પ્રમાણે, વ્યક્તિના સંપર્કમાં આવેલા લોકોની મેડિકલ તપાસમાં કોઈ પણ સંક્રમિત નથી જોવા મળ્યું.

ઉલ્લેખનીય છે કે ચીનમાં એવિયન ઈન્ફ્લુએન્ઝા એટલે કે બર્ડ ફ્લૂના અનેક સ્ટ્રેન છે અને આમાંથી કેટલાક માણસોને પણ સંક્રમિત કરી ચુક્યા છે. આનાથી ખાસ એ લોકો પ્રભાવિત થાય છે જેઓ પોલ્ટ્રીમાં કામ કરે છે. જો કે અત્યાર સુધી એચ૧૦એન૩ સ્ટ્રેન દુનિયાભરમાં કોઈ પણ માણસમાં જોવા નહોતો મળ્યો. ચીનમાં આનો આ પહેલો કેસ છે. ચીનના રાષ્ટ્રીય સ્વાસ્થ્ય પંચે ભલે એચ૧૦એન૩ સ્ટ્રેનના ફેલાવાની શક્યતા ઓછી ગણાવી, પરંતુ આ સમાચાર આખી દુનિયા માટે ડરામણા છે, કેમકે કોરોના વાયરસ પણ ચીનના રસ્તે આખી દુનિયામાં ફેલાયો હતો અને આજ સુધી વિશ્વ આ મહામારી સામે ઝઝૂમી રહ્યું છે.

# ગુજરાતમાં ૧૫થી ૨૦ જૂનની વચ્ચે ચોમાસુ બેસવાની હવામાન વિભાગે કરી આગાહી

ગાંધીનગર,

ગુજરાતમાં ૧૫થી ૨૦ જૂનની વચ્ચે ચોમાસુ બેસવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. કેરળમાં ચોમાસાનું આગમન થાય તે પછી ૧૫ દિવસ બાદ ગુજરાતમાં ચોમાસુ બેસી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં ૧૫ દિવસમાં ચોમાસાનું આગમન થશે. હવામાન ખાતાના મહાનિર્દેશક એમ મહાપાત્રાએ જણાવ્યુ કે, કર્ણાટકના તટ પર ચક્રવાતીય લહેરોના સંદર્ભે દક્ષિણ અને પશ્ચિમમાં ચોમાસુ બેસવાના અણસાર આવી રહ્યા છે. કેરળમાં સામાન્ય રીતે એક જૂનથી હળવા વરસાદ સાથે ચોમાસુ બેસશે અને આ સાતે જ સમગ્ર દેશમાં વર્ષાઋતુની શરૂઆત પણ થશે. કેરળમાં વરસાદ આવ્યાના ૧૫ દિવસમાં જ ગુજરાતમાં પણ ચોમાસુ શરૂ થશે. શહેરમાં દિવસ દરમિયાન ચાલુ રહેલા ઠંડા પવનોની અસરથી અમદાવાદમાં ગરમીનો પારો ૨ ડિગ્રી ગગડ્યો હતો. બપોરે બફારો અને ગરમીથી લોકો ત્રસ્ત થયા હતા. ૪૧.૬ ડિગ્રી સાથે સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. અમદાવાદનું મહત્તમ તાપમાન રવિવાર કરતા ૨ ડિગ્રી ગગડીને ૩૭.૬ ડિગ્રી નોંધાયુ હતું. છતાંય શહેરમાં બપોર દરમિયાન લોકોએ ગરમીની સાથે બફારાનો અનુભવ કર્યો હતો. બે દિવસ બાદ અમદાવાદમાં ગરમીનો પારો ફરી ૪૦ ડિગ્રીને પાર જવાની શક્યતા છે. જ્યારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નહિવત છે.



## ટૂંકી મુદતની જાહેર નિવિદા-૧ સને ૨૦૨૧-૨૨ (બીજો પ્રયત્ન)

## માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત રાજયનાં માન.રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ. વિભાગ, મુ.લુણાવાડા, કોટેજ હોસ્પીટલની બાજુમાં, પીનકોડ-૩૮૯૨૩૦), જી.મહીસાગર ફોન નં. (૦૨૬૭૪) ૨૫૦૪૮૬ ધ્વારા નીચે દર્શાવ્યા મુજબના કામો માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી તા.૦૭/૦૬/૨૦૨૧ ના રોજ ૧૫:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત કિંમત (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | સી.આર.ટુ. લુણાવાડા–સંતરામપુર રોડ કિ.મી. ૧૩૦/૦૦ થી ૧૪૫/૦૦ (આસ્ફાલ્ટ પેવર પટ્ટા) | રૂ.૨૪.૮૦ |
| ૨ | સી.આર.ટુ. વેરીયસ રોડ ઓફ સંતરામપુર તાલુકા (આસ્ફાલ્ટ પેવર પટ્ટા) | રૂ.૨૪.૯૦ |

ઉપરોકત કામ માટેનું ટેન્ડર વેબસાઈટ http://rnb.nprocure.com પરથી ઓનલાઈન ભરવાના રહેશે. આ કામોની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ રહેશે. કામોની માહિતી માટે ઉપરોકત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રૂબરૂ સંપર્ક સાધી શકાશે. ટેન્ડર બાબત અંગેના કોઈપણ સુધારા વધારા ફકત વેબસાઈટ પર જોવા મળશે.

**કાર્યપાલક ઈજનેર**
**મહીસાગર મા. અને મ. વિભાગ**
**લુણાવાડા**

માહિતી/ગોધરા/૧૫૪/૨૦૨૧

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**પટેલીયા સુમિત્રાબેન ભારૂભાઈ**

**મુ. બોધડવા, તા. ધાનપુર**

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**પ્રમુખ/મંત્રીશ્રી મા.ભગવતી સખી મંડળ ઉમરીયા**

**મુ. બોર, તા. ધાનપુર**

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**પડવી રમેશભાઈ હીરાભાઈ**

**મુ. ચૈડીયા, તા. લીમખેડા**

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ફતેપુરા તાલુકાની આંગણવાડી કેન્દ્રોમાં

# લાખો રૂપિયાના ઘઉં તથા તેલનો જથ્થો ફળવાયો તેનો લાભ બાળકોને ક્યારે....?

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં દરેક ગામડા અને ફળિયામાં આંગણવાડી કેન્દ્રો આવેલા છે. જ્યાં જીરો થી પાંચ વર્ષ સુધીના બાળકોને પાયાનું શિક્ષણ આપી ભારતના ભવિષ્યને ઉજવળ બનાવવા માટે સરકાર દ્વારા માસિક કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. તેમજ કોઈ બાળક કુપોષણનો ભોગ બને નહીં અને તંદુરસ્ત રહે તે માટે પૌષ્ટિક આહાર આંગણવાડી કેન્દ્રોના માધ્યમથી નાના બાળકો સુધી પહોંચાડવામાં આવે છે.પરંતુ બાળકોને મળવાપાત્ર સરકારના આયોજન પ્રમાણે પૂરેપૂરો લાભ બાળકો સુધી પહોચતો નહીં હોવાની અનેકવાર પ્રજા દ્વારા તાલુકામાંથી ફરિયાદો પણ ઉઠે છે. ત્યારે ફતેપુરા તાલુકામાં ચાલતા આગણવાડી કેન્દ્રોની સમયાંતરે ઉચ્ચ કક્ષાએથી નિષ્પક્ષ અને તટસ્થ તપાસ કરવામાં આવે તો


પ્રતિકાત્મક તસ્વીર

અનેક ચોંકાવનારી વિગતો પણ પ્રકાશમાં આવી શકે તેમાં કોઈ બેમત નથી.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકામાં કુલ ૨૯૭ આંગણવાડી કેન્દ્રો આવેલા છે.જેમાં ઘટક-૧ માં ૧૩૩ તથા ઘટક-૨ માં ૧૬૪ આંગણવાડી કેન્દ્રો ચાલી રહ્યા છે. જે પૈકી ઘટક-૧માં ૩૪,જ્યારે ઘટક-૨ માં ૩૪ મળી ૬૮ જેટલા આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનોમાં ચાલી રહ્યા છે. ગત મે માસમાં આંગણવાડી કેન્દ્રોમાં ઘઉં તથા ખાદ્ય તેલની ફાળવણી કરવામાં આવી છે.તેમાં ઘટક-૧ ની ૧૩૩ આંગણવાડી કેન્દ્રમાં ૫૦કિલોના ૬૩૧ કટ્ટા ઘઉં તથા ખાદ્ય તેલના ૧૫ લિટરના ૧૧૫૯ ડબ્બા ફાળવવામાં આવ્યા છે. જ્યારે ઘટક-૨ માં ૫૦ કિલોના ૬૮૪ કટ્ટા ઘઉં અને ૧૫ લિટર ખાદ્ય તેલના ૧૧૫૩ ડબ્બા ફાળવવામાં આવ્યા હોવાનુંજાણવા મળે છે.

આમ ફતેપુરા તાલુકામાં ગત મે મહિના માટે ફતેપુરા તાલુકાની આંગણવાડી કેન્દ્રોમાં ૧૩૧૫ કટ્ટા ઘઉ તથા ૨૩૧૨ ડબ્બા ખાદ્ય તેલના ફાળવવામાં આવ્યા છે. જેમાં ફાળવવામાં આવેલ ઘઉંની સરેરાશ કિંમત રૂપિયા-૧૯,૭૨૫૦૦/- જ્યારે ખાદ્ય તેલની કિંમત રૂપિયા-૫૭,૮૦,૦૦૦/- કુલ મળી ફતેપુરા તાલુકામાં મે મહિના દરમિયાન આંગણવાડી કેન્દ્રોમાં ફાળવવામાં આવેલ ઘઉં તથા ખાદ્ય તેલના રૂપિયા-૭૭,૫૨૫૦૦/- નો સ્ટોક ફાળવવામા આવ્યો છે.અને આ સ્ટોક તમામ આંગણવાડી કેન્દ્રો એ મેળવી પણ લીધેલ છે.તેમ છતાં કેટલીક આંગણવાડીઓને બાદ કરતા મોટાભાગના આંગણવાડી કેન્દ્રોના બાળકો સુધી આ લાભ પહોંચ્યો નહીં હોવાનું જાણવા મળે છે. તેમજ આ બાબત કલ્પના કે આક્ષેપ નહીં પરંતુ સત્ય હકીકત છે.

વધુમાં જોઈએ તો લોકડાઉન સમયથી બાળકોને ફળફળાદી વિતરણ બંધ કરવામાં આવેલ છે. અત્યારે સુખડીનું વિતરણ થાય છે. સુખડી માટે ગોળ અને શીંગદાણા લોકલ વેપારી પાસેથી ખરીદ કરવામાં આવતા હોવાનું જાણવા મળે છે.તેમજ સગર્ભા અને ધાત્રી બહેનોને ટી.એચ.આરના પેકેટનું દર મહિને વિતરણ કરવામાં આવતું હોવાનું ફતેપુરા સી.ડી.પી.ઓ કચેરીના જવાબદારો દ્વારા જાણવા મળ્યું હતું.

- તાલુકાની ૨૯૭ આંગણવાડી કેન્દ્રોમાં મે મહિનામાં ૧૩૧૫ કટ્ટા ઘઉં તથા ૨૩૧૨ ડબ્બા ખાદ્ય તેલ ફળવાયુ.
- તાલુકાની કુલ આગણવાડી પૈકી ૬૮ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં ચલાવાઈ રહ્યાં છે.
- તાલુકામાં ચાલતાં આંગણવાડી કેન્દ્રોની ઉચ્ચ સ્તરેથી નિષ્પક્ષ અને તટસ્થ તપાસ થાય તો ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવવાની સંભાવના.

### તાલુકામાં આગણવાડી થી લઈ શાળા-કોલેજો બંધ છે, ત્યારે આંગણવાડી કેન્દ્રોમાં ઘઉ અને ખાદ્યતેલ ફાળવવાનો અર્થ શું?

કોરોના સંક્રમણના લીધે છેલ્લા એક વર્ષથી આંગણવાડી થી લઈ શાળા-કોલેજો બંધ છે અને ખાસ કરીને તાલુકાના કેટલાક આંગણવાડી કેન્દ્રોમાં જણાવેલ બાળકોની સંખ્યા ની દ્રષ્ટિએ જોતા તે સાચી હોતી નથી. તેમજ કેટલાક આંગણવાડી કેન્દ્રો સરકારી ચોપડે બોલતા હોવા છતાં સ્થળ ઉપર કાગળ ઉપર ચાલતા હોવાનું પણ જોવા મળે છે.તેમજ કેટલીક આંગણવાડી કેન્દ્રોને બાદ કરતા મોટાભાગના આંગણવાડી કેન્દ્રોમાં ગરમ નાસ્તા કે ફળફળાદિ આપવામાં આવતા નથી.તેમ છતાં ખોટા બિલો બનાવી સરકારી નાણાં હડપ કરવામાં આવતા હોવાની ચર્ચા પણ સાંભળવા મળે છે.જ્યારે હાલ લોકડાઉનના લીધે તમામ આંગણવાડી કેન્દ્રો બંધ છે. કોઈ આંગણવાડી કેન્દ્રમાં ગરમ નાસ્તો આપવામાં આવતો નથી. પરંતુ જે તૈયાર સુખડીના પેકેટો આવે છે. તે ક્યારેક કોઈ બાળક આગણવાડી ઉપર જાય ત્યારે પકડાવી દેવામાં આવે છે. તે સિવાય ઘઉં કે તેલ થી બનાવેલ કોઈ વાનગી આપવામાં આવતી નથી. ત્યારે ગત મહિનામાં ક્રોડો રૂપિયાના ઘઉં તથા ખાદ્યતેલ વિતરણ ક્રવામાં આવ્યું છે. તેનો આંગણવાડી સંચાલકોએ બાળકોને કોઈ લાભ આપ્યો છે કે કેમ? આંગણવાડી સંચાલકો જો આ લાભ બાળકોને આપ્યો હોઈનું જણાવતા હોય તો તેની તપાસ આંગણવાડીમાં નોંધાયેલ બાળકોના ઘરે-ઘરે જઈ ઝીણવટ પૂર્વ તેની ઉચ્ચ કક્ષાએથી તપાસ થાય તો ગંભીર ગોટાળા બહાર આવી શકે તેમાં કોઈ બેમત નથી. સરકાર દ્વારા પ્રજાને આપવામાં આવતા લાભોના નાણાં પ્રજાના છે,અને તેનો દુરૂપયોગ થાય તે યોગ્ય નથી.

# દે.બારીયા શહેરની જીવાદોરી સમાન પાનમ નદી માંથી ગેરકાનૂની રીતો ખનન કોણ રોકશે ? કરોડોનું સરકારી તિજોરીને નુકશાન થઈ રહ્યું છે

દે.બારીયા,

જે પ્રમાણે તાલુકાના ધુસર ગોમા નદીના પટ માંથી ગેરકાનૂની રીતે ખનન રોકવા ખનિજ માફિયાઓને પંચમહાલ જીલ્લા કલેકટર, જીલ્લા પોલીસવડા અને ખાણ ખનિજ વિભાગના દ્વારા સંયુક્ત રીતે જે ઓપરેશન ફીડમને પાર પાડવામાં આવ્યું ગયા અઠવાડિયામાં તેનો બોધ પાઠ લઈ દાહોદ જીલ્લાનું વહિવટી તંત્ર પણ પોતાના વાતાનુકીલત ચેમ્બરનો ત્યાગ કરીને દે.બારીયાની પાનમ નદી માંથી લાખો, કરોડોનું ખનિજ ધોળે દહાડે ચેલેન્જ સાથે ખનિજ માફિયાઓ ચોરી લેતા કોણ માઈનો લાલ અમને રોકી શકે છે. તેવા ચેલેન્જ સાથે ખનિજ માફિયાઓ આપણી ગરવી ગુજરાતની ઈકોનોમીને ખાસ્સું નુકશાન પહોંચાડી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર પંચમહાલ જીલ્લાના આ ત્રણે વિભાગન બાહોશ સરકારી તંત્ર એ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

કરી બતાવ્યું. તે મુજબ આ દાહોદ જીલ્લાના કર્મીઓ પાસે કોઈ એકશન પ્લાનની આશા રાખી શકીએ કે નહિ અને કોઈપણ મોટા ચમરબંધીને છટકવા દેવામાં ના આવે. પંચમહાલ પોલીસવડા એ વેજલપુર પોલીસ મથકના પોલીસ સ્ટાફના ફોન કબ્જે કરી ઓપરેશન ફીડમને અંજામ સુધી પહોંચાડી ૯૦ લાખના મુદ્દામાલ જપ્ત કર્યા તે બિરદાવવા લાયક છે. આજ પ્રમાણે લીમખેડા અને દે.બારીયા પોલીસ સ્ટેશનના તમામ કર્મીઓના ફોન કબ્જે કરીને પાનમ નદીના પુલના દક્ષિણે તથા ઉંચવાણ અને કાલીયાગોટા સહિત જુના બારીયા રેતીનું ગેરકાનૂની ખનન ઉપર રેઈડ પાડવામાં આવે તો સરકારી તિજોરીને લાખ્ખોનું ચૂનો ચોપડે છે. તે બંધ થશે અને સરકારી રોયલ્ટીની આવક બમણી થશે. દે.બારીયા ટ્રાફિક પોલીસ કર્મીની રહેમ નજરે આ ઓવર લોડીંગ મોટા ટર્બો રેતીનું ગેરકાનૂની ખનન થતું કોણ અટકાવશે તે યક્ષ પ્રશ્ન છે.

ચોમાસાના માંડ ૧૫ દિવસ જ બાકી રહ્યા છે. જેથી આ ગેરકાનૂની ખનનમાં રાત-દિવસ ચાલી રહ્યું છે. કારણ રેતી જેવી અમુલ્ય ખનિજનો સ્ટોક કરવામાં આવી રહ્યો છે અને ભડભા, ટીળી, ડુંગરી રોડ ઉપર રેતી ચારવાના કારખાનાઓ ઉપર પણ રેતીનું બમણું સ્કોટ કરાઈ રહ્યું છે. અને આ પણ સ્ટોક પાસ પરમીટ વગરનો થયો છે. તે કોની નાક તળે તે એક તપાસનો વિષય છે. આ રેતી ચારવાના કારખાના લાખો ટન બમણા ભાવે લઈને એકસપોર્ટ કરતા હોય છે. આવા રેતી માફિયાઓને કોણ રોકશે ? શું આ ખનિજ ચોરોને કયા ખાદીધારીની સહે મળે છે. તે એક સવાલ છે. ફરી પંચમહાલ જીલ્લાના આ ત્રણ વિભાગના પદના અધિકારીઓની સુજબુજની અને કોઈપણ ચમરબંધીના દબાવને વસના થઈ સંયુકત ઓપરેશન ફીડમને સફળ બનાવ્યું. તેની પ્રસંશાને પાત્ર છે. દાહોદ જીલ્લાના આ ત્રણે વિભાગના પદના અધિકારીઓ આવું ઉદાહરણ પુ પાડવા કેટલો સમય લેશે તે તો આવનારો સમય બતાવશે કે પછી ટ્રાફિકના માણસો આ ગેરકાનૂની ખનનને પાંચ સોનો ચાંદલો ટ્રક દીઠ લઈને આંખ આડા કાન કરતા રહેશે અને ગરવી ગુજરાતની સરકારી તિજોરીને લાખ્ખોનું નુકશાન પહોંચાડવામાં સહભાગી બનશે અને મેરા ભારત મહાનનો નારો લગાવશે પોકળ નારાબાજી થી આપણું ભારત ક્યારે મહાન બનશે ખરો ?

# દાહોદ જિલ્લામાં અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા ૧૪૮ શિક્ષકોની નિમણુંક

દાહોદ,

રાજયમાં અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી અન્વયે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા નિમણુંક હુકમ આપવા માટેનો ઓનલાઇન કાર્યક્રમ યોજાયો હતો ત્યારે દાહોદ જિલ્લામાં પણ નવનિયુક્ત થયેલા ૧૪૮ શિક્ષકોને નિમણુંક આપવા માટેનો કાર્યક્રમ જિલ્લા સેવા સદન ખાતે યોજાયો હતો. જે પૈકી કલેક્ટર વિજય ખરાડીએ ૧૫ શિક્ષકોને નિમણુંક પત્ર આપી શુભેચ્છાઓ આપી હતી.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કલેક્ટર વિજય ખરાડીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, નવનિયુકત શિક્ષકોએ જિલ્લામાં શિક્ષણના સ્તરને નવી ક્ષિતિજો આપવા પોતાની તમામ શક્તિઓ લગાવી દેવાની છે. આ માટે વહીવટી તંત્ર હંમેશા તેમની પડખે રહેશે. શિક્ષક વિદ્યાર્થીનું ભાવિ ઘડે છે, શિક્ષક વિદ્યાર્થી માટેની આજીવન પ્રેરણા બને છે. માટે દરેક શિક્ષકે ઉચ્ચ મૂલ્યો અનુસરીને વિદ્યાર્થીઓ માટે આદર્શરૂપ બનવું જોઇએ.

અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જે ૧૪૮ શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે તેમાં જિવવિજ્ઞાનના ૪, રસાયણશાસ્ત્રનાં ૧, કોર્મસના ૨, કોમ્પ્યુટરનાં ૨, અર્થશાસ્ત્રના ૯, અંગ્રેજીના ૪૩, ભૂગોળનાં ૧, ગુજરાતીના ૧૬, હિન્દીનાં ૧૦, ઇતિહાસનાં ૮, તત્વજ્ઞાનનાં ૪, ભૌતિક વિજ્ઞાનનાં ૨, મનોવિજ્ઞાનનાં ૭, સંસ્કૃતનાં ૧૫, સમાજશાસ્ત્રનાં ૨૪ શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે.

જિલ્લા સેવા સદન ખાતે ૧૫ શિક્ષકોને નિમણુંકપત્ર આપ્યા બાદ બાકીના શિક્ષકોને એન.ઇ. જીરૂવાલા પ્રાથમિક શાળા, દાહોદ ખાતે નિમણુંકપત્ર આપવામાં આવ્યા છે.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ડાયેટના પ્રાચાર્ય રાજશાખા, જિલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવે, જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી સુનિતાબેન, અનુદાનિત શાળાના સંચાલકો મુકેશભાઇ પરમાર,ગોપાલભાઇ ધાનકા, અંજલિબેન પરીખ ઉપસ્થિત હતા.

અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જે ૧૪૮ શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે તેમાં જિવવિજ્ઞાનના ૪, રસાયણશાસ્ત્રનાં ૧, કોર્મસના ૨, કોમ્પ્યુટરનાં ૨, અર્થશાસ્ત્રના ૯, અંગ્રેજીના ૪૩, ભૂગોળનાં ૧, ગુજરાતીના ૧૬, હિન્દીનાં ૧૦, ઈતિહાસનાં ૮, તત્વજ્ઞાનનાં ૪, ભૌતિક વિજ્ઞાનનાં ૨, મનોવિજ્ઞાનનાં ૭, સંસ્કૃતનાં ૧૫, સમાજશાસ્ત્રનાં ૨૪ શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે.

# દાહોદમાં રસીકરણની સમીક્ષા કરતા કલેક્ટર તથા ડીડીઓ



દાહોદ,

દાહોદ કલેક્ટર વિજય ખરાડી અને જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજ કોરોના વાયરસ સામે કવચ આપતા વેક્સીનેશનની ચાલી રહેલી કામગીરીની સ્થળ સમીક્ષા કરવા માટે ટીમરડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચ્યા હતા. ત્યાં ગામમાં ચાલી રહેલી રસીકરણની કામગીરી પ્રત્યક્ષ નીહાળી હતી અને આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓને મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા.

આ બન્ને અધિકારીઓ ટીમરડા ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર ઉપર વેકસીનેશનની કામગીરી નીહાળી હતી. કેટલાક લાભાર્થીઓ સાથે સંવાદ પણ સાધ્યા હતો. જેમાં તેમણે વેક્સીન લેનાર વ્યકિતને જણાવ્યું હતું કે આ કોરોના વાયસરની ઘાતક અસરોથી બચવા માટે વેક્સીન અકસીર ઇલાજ છે. એટલે ગામમાં જે વ્યકિત વેકસીન લે એ બીજા વ્યક્તિને પણ રસી લેવા માટે પ્રેરણા આપે એ જરૂરી છે.

ખરાડી તથા રાજે સ્થાનિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓને વેક્સીનનો સંપૂર્ણ ઉપયોગ થાય એ રીતે સેશનનું આયોજન કરવું જોઇએ. આ માટે અગાઉથી જ લાભાર્થીઓને જાણ કરવામાં આવે અને નિયત સમયે આરોગ્ય કેન્દ્ર ઉપર આવીને વેકસીન લઇ લે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

તેમણે લક્ષ્યાંક મુજબ રસીકરણની કામગીરી થાય તે માટે ગામમાં આશા વર્કર્સ,આંગણવાડી કાર્યકર અને સરપંચો દ્વારા જનસંપર્ક કામગીરી પ્રભાવી રીતે થાય એ જોવા પણ આરોગ્યકર્મીઓને કહ્યું હતું.

# દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના સસ્તા અનાજ દુકાન સંચાલક પ્રમુખની દુકાન સસ્પેન્ડ

સંજેલી,

સંજેલી તાલુકાના સસ્તા અનાજની દુકાન સંચાલકના પ્રમુખની જસુણી ખાતે આવેલી દુકાનમાં જિલ્લા કલેક્ટર દ્વારા બનાવેલી ટીમ દ્વારા આકસ્મિક તપાસ કરતા અનાજ વિતરણમાં ગંભીર ક્ષતિઓ મળી આવતા દુકાન પરવાનો માટે ત્રણ માસ સસ્પેન્ડ કરાતાં અન્ય દુકાનદારોમાં ફફડાટ.

સંજેલી તાલુકામાં ૫૬ ગામો આવેલાં છે અને ૨૯ સસ્તા અનાજની દુકાનો આવેલી છે. મોટાભાગના સંચાલકો સમયસર દુકાન ખોલતાં નથી તેમજ પુરતો જથ્થો અને પાવતી પણ આપવામાં આવતી નથી આ બાબતની તાલુકાના જાગૃત નાગરિકો દ્વારા અનેક વખત રજુઆતો પણ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર વિજય ખરાડી દ્વારા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કોરોનાને કારણે વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થીઓને મે માસ દરમ્યાન પુરસ્કૃત યોજના હેઠળ મફતમાં તેમજ NFSA યોજના અંતર્ગત નિયત પ્રમાણે પુરતો જથ્થો આપવામાં આવે છે કે કેમ તેની ચકાસણી કરવા માટે જિલ્લા કલેક્ટર દ્વારા મામલતદાર અને પ્રાંત અધિકારી ની ટીમ બનાવી હતી અને આંતર તાલુકા તપાસ શરૂ કરી હતી. જેમાં સંજેલી તાલુકાના દુકાન સંચાલકોના પ્રમુખ મહેન્દ્રભાઈ પલાશની જસુણી ખાતે આવેલી સસ્તા અનાજની દુકાનમાં ટીમ દ્વારા આકસ્મિક તપાસ કરતા અનાજ વિતરણમાં ગંભીર ક્ષતિઓ જણાઈ આવતા પરવાનો બે માસ માટે મોકુફ રાખવામાં આવ્યો છે.

### પ્રમુખની જસુણી દુકાનમાં અનાજ વિતરણમાં ગંભીર ક્ષતિઓ જણાતા કાર્યવાહી કરાઈ

# ફતેપુરા તાલુકાના કાળીયા ગામે પંદર વર્ષ જુના RCC રસ્તાને ખોદાણ કરી બંધ કરાયો..! ?

ફતેપુરા,

ગ્રામીણ વિસ્તારોની પ્રજાને ભૌતિક સુવિધાઓના વિકાસ માટે સરકાર દ્વારા વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જેમાં કેટલીક જગ્યાએ જે-તે જવાબદારો દ્વારા નાણાંનો દુરુપયોગ કરવામાં આવતો હોવાની ફરિયાદો ઊઠે છે.જ્યારે કેટલીક જગ્યાએ કરવામાં આવતા ભૌગોલિક કામો પ્રત્યે સ્થાનિક ગ્રામીણ વિસ્તારોનો વિકાસ ન થાય તેમાં માનતા કેટલાક તત્વો દ્વારા વાંધા વિરોધ ઉઠાવવામાં આવતા હોવાના કિસ્સા પણ પ્રકાશમાં આવે છે. જ્યારે હાલ ફતેપુરા તાલુકાના કાળીયા ગામે પંદર વર્ષ અગાઉ બનાવવામાં આવેલ જાહેર આર.સી.સી રસ્તાની કરવામાં આવેલ કામગીરીને જે.સી.બી મશીનથી ખોદાણ કરી રસ્તો બંધ કરી દેવામાં આવતા તેની તાલુકા કક્ષાએ રજુઆત કરવામાં આવી છે. જો કે અહીંયાથી ન્યાય નહીં મળે તો તેની જિલ્લા થી લઈ રાજ્ય સરકાર સુધી રજૂઆત થનાર હોવાનું પણ જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના કાળીયા ગામના તળાવ ફળિયા તરફ જતો આશરે અઢીસો મીટર જેટલો રસ્તો ગત પંદર વર્ષ અગાઉ આર.સી.સી કરવામાં આવેલ હતો. જે રસ્તા ઉપરથી લોકો અવર-જવર કરતા હતા. અને આ રસ્તાથી તળાવ ફળિયાના સ્થાનિકો, ધનજી માધ્યમિક શાળામાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓ તથા નાની ઢઢેલી તરફ અવર-જવર કરતા રાહદારીઓ માટે અનુકૂળ હતો. જેમાં તળાવ ફળિયાના એકસો જેટલા સ્થાનિકો સહીત શાળામાં જતા વિદ્યાર્થીઓને તથા રાહદારીઓને રસ્તાના અભાવે અને ખાસ કરીને આ રસ્તો બંધ કરી દેવામાં આવતા માંદગી જેવા સંજોગોમાં દર્દીને સમયસર સારવાર માટે લઈ જવા અહીંના સ્થાનિક લોકોને મોટી મુશ્કેલીનો સામનો કરવાના સંજોગો ઉભા થયા હોવાની ચર્ચા પણ સાંભળવા મળે છે. આ રસ્તાની તોડફોડ બાબતે તાલુકા વિકાસ અધિકારીને ટેલિફોનિક વાત કરતાં જણાવ્યું હતું કે,અમોએ આ બાબતે તપાસ માટે તલાટી કમ-મંત્રીને મોકલ્યા છે. જ્યારે તલાટી કમ-મંત્રીને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે,અમોએ આ રસ્તાની તોડફોડ બાબતે ટી.ડી.ઓ સાહેબને વિગતો મોકલી આપી છે. જ્યારે રજૂઆત કર્તાએ જણાવ્યું હતું કે,રસ્તાની તોડફોડ થઈ તે દિવસે નાયબ મામલતદાર સાહેબ સ્થળ ઉપર આવ્યા હતા. તે સિવાય અન્ય જવાબદાર વહીવટી તંત્ર દ્વારા આ સ્થળની મુલાકાત લેવામાં આવી નથી કે રસ્તાની તોડફોડ કરનાર લોકો સામે ચાર દિવસ થવા છતાં હજી કોઈ કાર્યવાહી કરવામાં આવી નહીં હોવાનું જણાવ્યું હતું.

### એક વ્યક્તિ ઉપર રોષના કારણે આખા ગામને બાનમાંના લેવાય : ગ્રામજનો

વર્ષોથી જાહેર રસ્તા તરીકે ઉપયોગમાં લેવાતા આ રસ્તા માટે કોઈ વાંધો વિરોધ થયેલ ન હતો. પરંતુ ગત ત્રણેક માસ આગાઉ ગામના જ બે પક્ષો વચ્ચે આ રસ્તાના નવીનીકરણ કામગીરી કરવા બાબતે તકરાર થતાં સામ-સામે કાયદેસરના ગુન્હા પણ દાખલ કરવામાં આવ્યા હતા. જોકે તે બાબતને સ્થાનિક તળાવ ફળિયાના લોકો કે ગ્રામજનોને કોઈ નિસ્બત નથી. પરંતુ તેની અદાવત રાખી આ રસ્તો ખોદાણ કરી બંધ કરવામાં આવ્યો હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે. જોકે તેમાં ગમે તે હોય પરંતુ ગામના એક વ્યક્તિના લીધે સરકારી જાહેર મિલકતને નુકસાન પહોંચાડી, આખા ગામને બાનમાં લેવામાં આવે તે યોગ્ય નથી. તેમ પણ જાગૃત ગ્રામજનોમાં ચર્ચા થતી હોવાનું સાંભળવા મળી રહ્યું છે.

### સરકારી જાહેર મિલકતને નુકશાન પહોંચાડનાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરી, નાણાં ભરપાઇ કરાવવા જોઈએ : રજૂઆત કર્તા

ઉપરોક્ત રસ્તાની તોડફોડ કરવા બાબતે ગામનાજ પાંચ જેટલા લોકો સામે રજૂઆત કરવામાં આવી છે.અને જણાવ્યું છે કે, ૨૮.મે- ૨૦૨૧ ના રોજ પંદર વર્ષ જૂના જાહેર આર.સી.સી રસ્તાની તોડફોડ કરી સરકારી મિલકતને નુકશાન પહોંચાડનાર લોકો તેમજ જે.સી.બી માલિક સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.તેમજ આ લોકો પાસેથી સરકારી મિલકતને નુકસાન પહોંચાડવા તથા તેમાં મદદગારી કરનાર લોકો સામે તેની નુકસાનીના નાણા પણ ભરપાઈ કરાવવા જોઈએ.તેમજ આ બાબતે દિન-૭ માં યોગ્ય નિરાકરણ નહીં આવે તો ગાંધીચિંધ્યો માર્ગ અપનાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હોવાનું જાણવા મળે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 238

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જિલ્લામાં અનુદાનિત

# ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા ૨૧૨ શિક્ષણ સહાયકોને નિમણુંક અપાઈ

- કલેક્ટર અમિત અરોરાએ નવનિયુક્ત શિક્ષકોને નિમણુંકપત્ર આપી શુભેચ્છાઓ પાઠવી.
- નવનિયુક્ત શિક્ષણસહાયકો જિલ્લામાં ઉચ્ચતર શિક્ષણની સેવા વધુ સશક્ત બનાવશે- જિલ્લા કલેક્ટર અમિત અરોરા.
- જિલ્લામાં અંગ્રેજીમાં ૭૭, સમાજશાસ્ત્રમાં ૩૦, ગુજરાતીમાં ૨૮, કોમર્સમાં ૧૭, ફિલોસોફીના ૨૮ શિક્ષણ સહાયકો સેવામાં જોડાશે.

ગોધરા,
આજે સમગ્ર રાજ્યમાં ૨૯૩૮ નવનિયુક્ત શિક્ષણ સહાયકોને નિમણૂક પત્ર એનાયત કરવાનો વર્ચ્યુઅલ કાર્યક્રમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અદયક્ષસ્થાને ગાંધીનગરથી યોજાયો હતો. ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ નવનિયુક્ત થયેલા ૨૧૨ શિક્ષકોને નિમણુંક આપવા માટેનો કાર્યક્રમ જિલ્લા સેવા સદન અને બીઆરજીએફ ભવન ખાતે યોજાયો હતો. જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર અમિત અરોરાએ ૨૦ શિક્ષકોને નિમણુંક પત્ર આપી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લા શિક્ષણ વિભાગમાં નવનિયુક્ત શિક્ષણ સહાયકોને આવકાર આપતા તેમણે જણાવ્યું હતું કે જિલ્લા શિક્ષણ સેવામાં યુવા બ્રિગેડના જોડાવાથી શૈક્ષણિક માનવબળ વધુ મજબૂત બન્યું છે, ઉચ્ચતર શિક્ષણની સેવા વધુ બળવત્તર અને વધુ ગુણવત્તાસભર બનશે. તેઓએ વિશેષમાં જણાવ્યું કે, કોરોનાના કપરાકાળથી લઈ તમામ પ્રકારના ડિઝાસ્ટર, જનજાગૃતિ કાર્યક્રમમાં શિક્ષકોની ભૂમિકા મહત્ત્વની રહી છે. કોરોના કાળમાં શિક્ષણ વિભાગના સેવા કર્મીઓ દ્વારા સર્વેની ઉત્કૃષ્ઠ કામગીરી કરવામાં આવી હતી. સમાજ માટે શિક્ષકો હંમેશા પ્રેરણા સ્વરૂપ રહ્યા છે અને જિલ્લામાં નિયુક્તિ મેળવનારા આ શિક્ષણ સહાયકો જિલ્લામાં ઉચ્ચતર શિક્ષણના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતા પામવા માટે જરૂરી વાતાવરણ અને માર્ગદર્શન પૂરું પાડશે અને એક સ્વસ્થ સશક્ત સમાજના નિર્માણની પ્રક્રિયામાં ભાગીદાર બનશે.


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

બીઆરજીએફ ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નિયામક શાળાઓની કચેરીના નાયબ શિક્ષણ નિયામક વાય. એચ. પટેલે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે કોરોના સંક્રમણ કાળમાં પણ અત્યંત ઝડપથી આ ભરતી પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થઈ છે તે ઉમેદવારો માટે લાભદાયક બાબત રહી છે. શિક્ષક વિદ્યાર્થીઓનું ભાવિ ઘડે છે અને આજીવન તેમની પ્રેરણા બને છે ત્યારે પોતાની ભૂમિકાનું મહત્વ સમજી શિક્ષણના ઉચ્ચ મૂલ્યોને અનુસરી જિલ્લામાં ઉચ્ચ શિક્ષણની ક્ષિતિજો વિસ્તારવા માટે કાર્યરત થવા નવનિયુક્ત શિક્ષકમિત્રોને તેમણે હાકલ કરી હતી. જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલ દ્વારા નિયુક્તિ મેળવનાર શિક્ષકોને આવકાર આપતા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.

અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જે ૨૧૨ શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે તેમાં ઈંગ્લિશના ૭૭, ગુજરાતીના ૨૮, સોશિયોલોજીના ૩૦, સંસ્કૃતના ૧૪, સાયકોલોજીના ૧૨, હિંદીના ૧૦,ઈતિહાસના ૦૯, કોમર્સના ૧૭, કોમ્પ્યુટરના ૦૧, તત્વજ્ઞાનનાં ૨, ઈકોનોમિક્સના ૦૮, બાયોલોજીના ૧, કેમિસ્ટ્રીના ૦૧, મેથ્સના ૧, ફિઝિક્સના ૦૧ શિક્ષણ સહાયકોને નિમણુંક કરવામાં આવી છે.

અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જે ૨૧૨ શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે તેમાં ઈંગ્લિશના ૭૭, ગુજરાતીના ૨૮, સોશિયોલોજીના ૩૦, સંસ્કૃતના ૧૪, સાયકોલોજીના ૧૨, હિંદીના ૧૦,ઈતિહાસના ૦૯, કોમર્સના ૧૭, કોમ્પ્યુટરના ૦૧, તત્વજ્ઞાનનાં ૨, ઈકોનોમિક્સના ૦૮, બાયોલોજીના ૧, કેમિસ્ટ્રીના ૦૧, મેથ્સના ૧, ફિઝિક્સના ૦૧ શિક્ષણ સહાયકોને નિમણુંક કરવામાં આવી છે.

જિલ્લા સેવા સદન, ગોધરા ખાતે ૨૦ શિક્ષકોને નિમણુંકપત્ર આપ્યા બાદ બાકીના શિક્ષકોને બીઆરજીએફ ભવન ખાતે મહાનુભાવોના હસ્તે નિમણુંકપત્ર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એમ.પટેલ, રાજ્ય કક્ષા ભરતી પસંદગી સમિતિના સભ્ય એ.કે. પટેલ, જિલ્લા શાળા સંચાલક મંડળના અદયક્ષ પી.ડી.સોલંકી તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હાલોલની એલેમ્બીક ફાર્મા કંપની ઝેરી ગેસ લીકેઝ મામલો : મૃતકના પરિવારજનો દ્વારા હક્ક મેળવવા જીલ્લા પોલીસવડાને કરી ફરિયાદ

હાલોલ,
હાલોલની એલેમ્બી ક ફાર્મા કંપનીમાં ૩ મહીના પહેલા ઝેરી ગેસ લીકેઝથી મરણ પામેલ પતિના મોતની તપાસ ડીવાયએસપી કક્ષાના અધીકારીથી કરાવીને મોત માટે જવાબદાર ગુનેગારોને સજા કરાવવા અને ન્યાય મેળવવા મૃતકની વિધવા પત્નિએ જીલ્લા પોલીસ વડાને લેખીતમાં ફરીયાદ કરેલી છે. વીગતવાર મળેલી માહીતી મુજબ મૃતકની વીધવા પત્નિ સપનાબેને જીલ્લા પોલીસ વડાને પોતાની ફરીયાદમાં કરી.

૧૯/૦૨/૨૦૨૧નારોજ ફરીયાદી સપનાબેન પ્રકાશભાઈ બારીઆના પતિ નામે પ્રકાશભાઈ પર્વતભાઈ બારીઆનાઓ એલેમ્બીક ફારમાસ્યુટીકલ લીમીટેડ, એપી ૧, પ્લાન્ટ ૧ પાનેલાવે. તા. હાલોલની નોકરીના સમયગાળા દરમ્યાન પાવડર મશીન ઓપરેટર તરીકે મશીન પર કામ કાજ કરતા હતા. ત્યારે નોકરીના સ્થળ ઉપરે સાંજના આશરે ૪ થી ૫ દરમયાન બેદરકારીથી પ્લાન્ટ માંથી ઝેરી ગેસ લીકેજ થતા ગુજરનાર પ્રકાશભાઈના શ્વાસમાં ઝેરી ગેસ જવાના કારણે તેઓ સ્થળપરજ બેભાન થઈ ગયેલ હતા. ત્યાં એલેમ્બીક ફાર્માસ્યુટીકલ કંપનીના કલીનીક માં સારવાર કરેલી પરંતુ તેઓનું ત્યાં ઝેરી ગેસથી ગુંગળાઈ જવાથી મોત થઈ ગયેલ હતું. છતા ફરીયાદીના પતિને સારવારના બહાનાથી ડોક્ટર રાજેશ રવીશંકર પંડ્યા મારફતે ભાઈલાલ અમીન હોસ્પીટલ વડોદરા મુકામે આશરે પોણા સાત કલાકે લઈ ગયેલા ત્યાં ડોકટરોએ તપાસ કરતા તેમને મરણ પામેલ જાહેર કરેલ અને ભાઈલાલ અમીન હોસ્પીટલના ડોકટર ધ્રુવ સુથારએ હાલોલ પોલીસ સ્ટેશનમાં ફોનથી વરદી લખાવીને અકસમાત મોતની જાણ કરેલી હતી. તે અન્વયે હાલોલ રૂરલ પોલીસ સ્ટેશને અકસ્માત મોત નંબર : ૬/૨૦૨૧ થી તારીખ : ૧૯/૦૨/૨૦૨૧ ના રોજ નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ મૃતક પ્રકાશભાઈ પર્વતભાઈ બારીઆનાઓનું પી.એમ. પણ કરવામાં આવેલ હતું. ફરીયાદીએ કંપનીમાં અને હાલોલ પોલીસને બનાવ સમયના સીસીટીવી ફુટેજ બતાડવા માંગણી કરવા છતા બતાવવામાં આવતા નથી. ફરીયાદીએ પોતાની ફરીયાદમાં એવું પણ જણાવેલ છે કે, બનાવ તા.૧૯/૨/ ૨૧ ના રોજ બનેલ છે. તેમ છતા આજદીન સુધી અમારા પતિનું મોત નીપજાવનાર જવાબદારો સામે હાલોલ પોલીસે કોઈજ તપાસ કરેલ નથી . અને કોઈ ગુનો પણ દાખલ કરેલ નથી. તેથી અમારા પતિના હાલોલ પોલીસે નોંધેલ અકસ્માત મોત ગુનાની પહેલી ખબર નંબર યુડી/૬/૨૧ કેસની તપાસ પંચમહાલ પોલીસના ઉચ્ચ અધીકારી ડીવાયએસપી કક્ષાના ઉચ્ચ અધીકારી દ્વારા કરાવવા અને મોત માટે જવાબદાર તમામ સામે ઈ.પીકો કલમ ૩૦૪ (અ), ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરાવા અને ગુનેગારોને યોગ્ય સજા કરાવવા પ્રકાશભાઈની વીધવા સપનાબેન પ્રકાશભાઈ બારીઆએ જીલ્લા પોલીસ વડાને લેખીતમાં ફરીયાદ કરેલી છે. જીલ્લા પોલીસવડા તેને ચોકકસ ન્યાય અપાવશે તેવી ફરીયાદીએ આશા વ્યકત કરેલ છે.

## પંચમહાલ જીલ્લામાં કોરોના કેસમાં સતત ઘટાડો : આજરોજ ૯ પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જીલ્લામાં સતત કોરોના દર્દીઓની સંખ્યા ઓછી થતાં જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગે રાહત અનુભવી રહ્યું છે. તેમ છતાં કોરોના માટે સર્તકતા રાખવા માટે અપતીલ કરાઈ છે. આજરોજ ૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા. ૫૧ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે.

**પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી**

: શહેરી વિસ્તાર :
ગોધરા-૦૨
કાલોલ - ૦૧

: ગ્રામ્ય વિસ્તાર :
ગોધરા - ૦૧
મોરવા(હ) - ૦૧
જાંબુઘોડા - ૦૧
કાલોલ - ૦૨
શહેરા - ૦૧

સક્રિય કેસ - ૨૮૨
રજા અપાઈ - ૫૧

વિસ્તૃત વિગતો પ્રમાણે પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યા છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ ઘટાડો થતાં વહીવટી તંત્રમાં રાહત જોવા મળી રહી છે. આજરોજ જીલ્લામાં ૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જ્યારે ૫૧ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. હાલ જીલ્લામાં ૨૮૨ કોરોના સક્રિય દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. કોવિડ હોસ્પિટલમાં કોરોના સંક્રમણના દર્દીઓ સાજા થવાનો રીકવરી રેટ પણ સારો જોવા મળી રહ્યો છે. હાલ કોરોના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. પણ કોરોના ગયો નથી. કોરોના સંક્રમણ થી બચવા માટે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવું તેમજ કોવિડ વેકસીન લઈને પોતે અને પરિવારને સુરક્ષીત કરવા આરોગ્ય વિભાગે અપીલ કરી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરાનગરમાં ભારતીય જનતા પાર્ટીના તાલુકા પ્રમૂખ મગનભાઈ પટેલીયાની આગેવાનીમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ ના જન્મ દિવસ ને લઈને માસ્કનુ વિતરણ શહેરાનગરના વિવિધ વિસ્તારોમાં કરવામા આવ્યું હતં. હાલમા ચાલી રહેલી કોરોના મહામારીથી બચવા માટે હાલમા માસ્ક જ અસરદાર ઉપાય છે. માસ્ક વિતરણ કરીને કોરોના અંગે જાગૃત કર્યા હતા.

## ગોધરા રેલ્વે કોલોનીના મકાનની દિવાલ કુદી ઘરમાંથી ૧૫ હજારની મત્તાની ચોરી

ગોધરા,
ગોધરા શહેર વાયએલ યાર્ડ રેલ્વે કોલોનીના મકાનને અજાણ્યા ચોર ઈસમે વરડાની દિવાલ કુદી અંદર પ્રવેશ કરી ઘરમાંથી મોબાઈલ ફોન, ડોકયુમેન્ટ ભરેલ બેગ અને કપડા ભરેલ બેગ મળી ૧૫,૦૦૦/– રૂપીયાનો મુદ્દામાલ ચોરી કરી જતાં આ બાબતે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર વાયએલ યાર્ડ રેલ્વે કોલોનીના રાજીવકુમાર લક્ષ્મીકાન્ત ઝાના મકાનમાં વરડાની દિવાલ કુદીને કોઈ અજાણ્યો ચોર ઈસમ ઘરમાં પ્રવેશ કર્યો હતો. અને ઘરમાંથી રેડમી મોબાઈલ અને સેમસંગ મોબાઈલ, લેધરની બેગ માંથી ડોકયુમેન્ટ, કપડાં ભરેલ ટ્રોલી બેગ મળી ૧૫,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## વિશ્વ તમાકુ નિષેધ દિવસે

# ગાયત્રી પરિવાર ગોધરા દ્વારા આયોજિત વ્યસન મુક્તિ યાત્રા તથા યજ્ઞ યાત્રા

ગોધરા,
એક વૈશ્વિક મહામારી છે. છેલ્લા સવા વર્ષ થી સૌ ખુબપરેશાન છે હજારો લોકોના ઘર ઉજળી ગયા છે અને લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે વાતાવરણમાં રહેલ કોરોના વાયરસ ને સદંતર દૂર કરવાના એક ભાગરૂપે વાતાવરણની શુદ્ધિ અર્થે આયુર્વેદિક ઔષધિઓનું જડીબુટ્ટીઓ દ્વારા હોમાત્મક યજ્ઞ યાત્રા દ્વારા પર્યાવરણ જતન માટે અને કોરોના નાબૂદી માટે પંચમહાલ જિલ્લા ગાયત્રી પરિવાર સંગઠન ગાયત્રી પરિવાર ગોધરાના ગાયત્રી પરિજનોના સળંગ પ્રયાસથી ચોથા ચરણમાં આજે સાંપા રોડ વિસ્તારની સતકેવલ મંદિર પાસે આવેલી આસપાસની રોડથી ઉપર અને રોડથી પાછળ પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની સોસાયટીઓમાં જેમાં શકિતનગર નવદીપ નગર પંચવટી,ગુરુકૃપા, આવાસ તથા સંગમ સોસાયટીઓનો સમાવેશ થાય છે. આજે ૩૧મી મે તમાકુ નિષેધ દિવસ હોવાથી વ્યસન મુક્તિ રથ દ્વારા વ્યસન મુક્તિ યાત્રા અને યજ્ઞ યાત્રાનું ચોથા ચરણનું આયોજનનું મહાનુભાવોના હસ્તે પ્રારંભ થયો. ૩૧ મે ૨૦૨૧ ના રોજ સવારે ૮ થી ૧૨ દરમિયાન આ યાત્રા સમગ્ર સાંપા રોડ વિસ્તારની સોસાયટીઓમાં ફરેલ હતી અને દરેક વ્યક્તિઓ આહુતિ આપવા માટે તથા સૌને વ્યસનમુક્ત થવા માટે આહ્વાન કરવામાં આવ્યું. સવારે ૦૮:૦૦ કલાકે કાર્યક્રમનો શુભારંભ પંચમહાલ જિલ્લા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પંચમહાલના મંત્રી મહોદય જીતેન્દ્રભાઈ ઠાકરના વરદહસ્તે આજે કાર્યક્રમનું યજ્ઞપ્રાગટ્ય કરી યજ્ઞ યાત્રાની શુભ શરૂઆત કરી હતી. કોરોના કોવિડ –૧૯ વૈશ્વિક મહામારીને અંકુશિત કરવાના એક ભાગરૂપે સમગ્ર સોસાયટીઓનો વાતાવરણ આયુર્વેદિક જડીબુટ્ટીઓના સંમિશ્રણ થી હોમાત્મક યજ્ઞના ધુમાડાથી સેનેટાઈઝ થયું હતું. જેમા ગાયનું સુકુ છાણ અને આંબાના સમીધાઓનો ઉપયોગ કરવામાં આવ્યો. આજે ૩૧મી મે એટલે વ્યસન મુક્તિ દિવસ અનેક લોકો આજે વ્યસનો પણ જાહેરમાં છોડતા હતા અને યજ્ઞમાં પોતાની વ્યસનની આહુતિ પણ આપી દેતા જોવા મળ્યા હતા ગાયત્રી પરિવાર ગોધરાનાં તાલુકા સંયોજક શિવનદાસ કલવાણી, ઈન્દુભાઈ પરમાર. ગિરીશભાઈ પટેલ યુવાપ્રકોષ્ઠ અનિલભાઈ ભાવસાર, મનુભાઈ અમીન, ડાયાભાઈ અમીન, ધુળાભાઈ બારીયા ભરતભાઈ જોશી ભાવેશમંજાણી, મહેશરામ નાણી, રાજાભાઈ, હરિભાઈરાજાઈ, દીપુભાઈ રાજાઈ, રમેશભાઈ પટેલ અરવિંદભાઈ પટેલ ભીખાભાઈ પટેલ, વાસુદેવભાઈ ભોજવાણી, સુભાષભાઈ વરિયા, રાકેશભાઈવાઘેલા, ધનાભાઈ ડામોર દીપકભાઈ ચૌહાણ, કમળાબેન પરમાર પ્રફુલાબેન પટેલ વિલાસિનીબેન પટેલ મંજુલાબેન પટેલ લતાબેન મંજાણી પરિજનો આજે હાજર રહ્યા હતા. કનુભાઈ પરમાર ગાયછાણાની સેવા આપી ઘણા બધા ભાવનાશીલ પરિજનોએ યથાશકિત પોતાની સેવા રાષ્ટ્ર માટે કોરોના નાબૂદી માટે તમામ પ્રકારની ઔષધિ તથા અન્ય સેવા આપી હતી તાલુકા સંયોજક શીવનદાસ કલવાણી સૌ સમયદાની ભાવનાશીલ પરિજનોનો ખુબ ખુબ રદયપૂર્વકઆભાર વ્યકત કરતા આનંદ અને હર્ષની લાગણી અનુભવે છે. આવનાર સમયમાં માર્કેટયાર્ડ બસ સ્ટેશન વિસ્તારમાં પમી જૂને પર્યાવરણ દિવસે આ યજ્ઞ યાત્રા યોજાશે.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

## કાલોલના ડેરોલ ગામે ઘરમાં સંતાડેલ ૭૬ હજારનો ઈંગ્લીશ દારૂ પોલીસે ઝડપ્યો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ તાલુકાના ડેરોલ ગવામે રહેતા ઈસમ એ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ૭૬,૫૦૦/– રૂપયાનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના ડેરોલ ગામે રહેતા અનિલ ઉર્ફે અન્નો શીવકુમાર સોની પોતાના ઘરમાં દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસેને મળી હતી. બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન બ્લેક ડૉગ બોટલ નંગ–૩૬ કિંમત ૪૫,૦૦૦/– રૂપીયા, ૧૦૦ પાઈપર વિદેશી બોટલો નંગ–૨૪ કિંમત ૩૦,૬૦૦/–રૂપીયા મળી ૭૬,૫૦૦/–રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે કાલોલ પોલીસ મથકે અનિલ ઉર્ફે અન્નો સોની વિરૂદ્ધ પ્રોહિબીશનની ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## મોરવા(હ)ના નાટાપુર રોડ ઉપર લગ્નપ્રસંગમાંથી પરત ફરતા વાહન આગળ ભુંડને બચાવવા જતા ગાડી પલ્ટી : યુવાન અને ૮ વર્ષિય બાળકીનું મોત

શહેરા,
પંચમહાલ જિલ્લાના મોરવા(હ)તાલુકાના વાડી માતરીયા ગામનો પટેલ પરિવાર ગોધરા તાલુકાના વડેલાવ ગામે પોતાના સંબંધિને ત્યાં પ્રસંગ હતો જેથી ગાડી લઈ ગયા હતા દરમિયાન પ્રસંગ પુર્ણ થતાં નાના બાળકો સહિત કુલ ૧૬ વ્યક્તિઓ ઈકો ગાડીમાં બેસી રાત્રિના સમયે પરત પોતાના ઘરે જવા નીકળ્યા હતા એ વેળાએ નાટાપુર બસ સ્ટેન્ડ પાસેથી ઈકો ગાડી પસાર થઈ રહી હતી દરમિયાન રોડ ઉપર અચાનક જંગલી ભુંડ આવી ચઢતા ગાડીની અચાનક બ્રેક મારતા સ્ટિયરીંગ પરનો કાબુ ગુમી જતાં ગાડી સાઈડમાં પલ્ટી ખાઈ ગઈ હતી. અચાનક અકસ્માત સર્જાતા ગાડીમાં બેઠેલાઓમાં અફડાતફડી મચી જવા પામી હતી અને બુમાબુમ થઈ જવા પામી હતી. બનાવની જાણ થતાં જ મોરવા(હ)પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તમામ ઈજાગ્રસ્તોને ગાડીમાંથી બહાર કાઢી પ્રાથમિક સારવાર બાદ ગંભીર ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે ગોધરા ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત દરમિયાન ૩૨ વર્ષિય હિંમત પટેલનુ ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ. જયારે ઈજાગ્રસ્ત ૮ વર્ષિય બાળકીનુ સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી વ્યાપી જવા પામી છે.